## ૧૧.૩. કોલેજના ત્રણ સિનિયર અધ્યાપકોને આચાર્ય વર્ગ – ૧ (GES) તરીકે પ્રમોશન મળતા સત્કાર શુભેચ્છા કાર્યક્રમ

તા.૨૦/૦૮/૨૦૨૦,નાં ગુરૂવાર ડૉ.વાય. જે. મિસ્ત્રી સાહેબ, ડૉ. કે.એ.ભોયે સાહેબ અને ડૉ.એસ.એમ.પટેલ રેગ્યુલર આચાર્ય -વર્ગ-૧(GES)નાં પ્રમોશનનો ઑડર મળતા સત્કાર સમારંભનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.



**ડૉ.વાય. જે. મિસ્ત્રી સાહેબ, ડૉ. કે.એ.ભોયે સાહેબ અને ડૉ.એસ.એમ.પટેલ સાહેબને રેગ્યુલર આચાર્ય -વર્ગ-૧(GES) તરીકે પ્રમોશન મળતા શુભેચ્છા પાઠવતા કોલેજ પરિવાર તથા IQACનાં સભ્યો**

તા.૧૧/૦૯/૨૦૨૦, શુક્રવાર,ડૉ.નીરવભાઈ ચિતુંબા છાંયડો હોસ્પિટલ ખેરગામના તબીબે ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીનું અભિવાદન અને વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ, બોલપેન અને ચોકલેટ આપી પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓનો પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.



આચાર્યશ્રીનું અભિવાદન કરતા ડૉ.નિરવ પટેલ તથા કોવીડ-૧૯ની પરિસ્થિતિમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને બોલ પેન અને પુષ્પ આપી મનોબળ પૂરું પાડતા આચારેશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને ડૉ. નીરવ પટેલ

## ૧૧.૪. એફ.વાય. બી.એ./બી.કોમ પ્રવેશોત્સવ કાર્યક્રમ – શૈ. વર્ષ - ૨૦૨૦-૨૧

તા.૧૭/૧૦/૨૦૨૦ શનિવાર રોજ F.Y.B.A./B.Com પ્રવેશોત્સવનો કાયક્રમ યોજાયો જેમાં ૧૧૭ વિદ્યાર્થીઓ ભાગ લઇ હાજર રહ્યા હતા.




**F.Y.B.A./B.Comનાં વિદ્યાર્થીઓને આવકાર શુભેચ્છા પાઠવતા અને એન.એસ.એસ., સપ્તધારા વગેરે અંગેની માહિતી આપતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ તથા ઉપસ્થિત અધ્યાપકશ્રીઓ**

## ૧૧.૫. નવરાત્રીનાં પાવન પર્વની ઉજવણી

### તા.૨૪/૧૦/૨૦૨૦ને શનિવારના રોજ નવરાત્રીના પાવન પર્વની ઉજવણી નિમિત્તે આઠમના દિવસે હોમહવન કાર્યક્રમ










હોમ હવનમાં પૂજા કરતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ અને ઉપસ્થિત સ્ટાફ ગણ

## ૧૧.૬. આચાર્યશ્રીની ડાંગ જિલ્લાનાં અંતરિયાળ ટ્રાઇબલ વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત.

ખેરગામની સરકારી કોલેજમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા મોટા ભાગના વિદ્યાર્થીઓ ડોન અને પાંડવા ગામનાહોઈ તેમને ઓનલાઇન શિક્ષણ અને નેટવર્કની પડતી મુશ્કેલીઓની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા માટે તા.૧૮/૧૧/૨૦૨૦ ના રોજ આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ.પટેલે રૂબરૂ મુલાકાત લઈ જાત નિરીક્ષણ કર્યું હતું તેમની સાથે સહયોગ પૂરો પાડવા અર્થશાસ્ત્રના વિઝીટીંગ પ્રા.ખુમરાજ કે. મહેતા પણ જોડાયા હતા..

આહવાથી ૩૫ કિ.મી. દૂર અને મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલું હનુમાનજીનું જન્મ સ્થળ પ્રાચીન સમયમાં અંજની પર્વત તરીકે ઓળખાતું, સમુદ્ર સપાટીથી ૧૦૦૦ મીટર અને સાપુતારાથી પણ_૧૦૦ મીટર ઊંચું તેમજ ૧૦ ગણું વિસ્તાર ધરાવતું આ ડોન ગામ સહ્યાદ્રિ પર્વત માળામાં હરિયાળી ઢોળાવો, નદી, ઝરણાં પ્રાકૃતિક સૌંદર્ય ધરાવે છે. પ્રાચીન સમયમાં સૌથી વધુ ગીધોની વસ્તી ધરાવતું હતું. પ્રકૃતિની મોજ માંણવા માટે ડોન હિલ સ્ટેશન એક ઉત્તમ વિકલ્પ છે. સાથો સાથ આ ઐતિહાસિક સ્થળ પણ છે. કારણ આ સ્થળ સાથે અહિ ભગવાન શિવ, સીતાજી, હનુમાનજીની દંત કથાઓ જોડાયેલી છે. આ સ્થળને ટ્રેકિંગ માટે પણ બેસ્ટ ગણવામાં આવે છે. આ સ્થળનો સંબંધ રામાયણ કાળ સાથે છે. અહિ ગુરુ દ્રોણનો આશ્રમ હતો. વનવાસ દરમ્યાન ભગવાન રામ અને સીતા અહિ આવ્યા હતા. ગુરૂ દ્રોણના આશ્રમને કારણે આ સ્થળ 'દ્રોણ' તરીકે ઓળખાતું. કાળ ક્રમે 'દ્રોણનું' અપભ્રંશ થઈને 'ડોન' ગામ થયું, સાત ફળિયાનું બનેલું કુલ ૨૫૦૦ની વસ્તી ધરાવતું આ ગામ છે. આ ગામના લોકોનો મુખ્ય બજારવ્યવહાર વડુ મથક આહવા છે. હાલમાં આ ગામના લોકો સર્પાકાર ધુળીયો પથરાળ કાચા રસ્તા પરથી આવન-જાવન કરે છે. આકાશી ખેતી અને ડાંગર,વરાઈ,નાગલી અને કઠોળ તેઓનો મુખ્ય પાક છે.

વિદ્યાર્થીઓના ઘરની રૂબરૂ મુલાકાત દરમ્યાન ઓનલાઇન શિક્ષણ અને નેટવર્ક અંગેની પડતી મુશ્કેલી અંગેની ચર્ચા થઈ. આ વિદ્યાર્થીઓ પહેલેથી રમતગમત અને સ્પોર્ટસમાં અગ્રેસર રહી સતત કોલેજનું નામ રોશન કરતા આવેલા હોવાથી આચાર્યશ્રીના સીધા સંપર્કમા અને માનીતા હતા. તેઓના ઘરમાં કોઇ ઘરવખરી જેવું કઈ ન હતું. રસોઇના બે-ચાર તપેલા અને કપડાની બે ત્રણ જોડી સિવાય ઘરમાં કાંઇ ન હતું. તેમના માતા–પિતા રોજગારી માટે સ્થળાંતર કરતા રહે છે. અને શેરડીના કટીંગ કાર્યમાં સિઝન પૂરી કરી ગુજરાન ચલાવે છે. જે હકીકત નિરીક્ષણ દરમ્યાન જોવા મળી હતી હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થી અને ભુતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ M.A. નો ઉચ્ચ

અભ્યાસ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કરે છે. તેઓને પોતાના ઓનલાઇન લેક્ચર માટે સખી મંડળ ગૃપના સૌજન્યથી રૂમની સગવડ પૂરી પાડવામાં આવતા ઓનલાઈન લેક્ચરમાં જોડાઈ છે. જે માટે તેઓ ૩૦ થી ૩૫ કિમી. નું અંતર કાપીને જિલ્લાનું વડુ મથક આહવા ખાતે આવે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાની પાસે રીચાર્જ માટે પૂરતા નાંણા ન હોવાને કારણે લેક્ચર જતા કરતા હોવાનું દુ:ખ વ્યક્ત કર્યું હતું. જ્યારે કેટલાક મોબાઈલ ન હોવાની તો કેટલાક ઘરમાં એકજ મોબાઈલની આપવિતી રજૂ કરી હતી. આ તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રીએ કોલેજ લાઇબ્રેરી માંથી પુસ્તક અને સંદર્ભ ગ્રંથો તેમજ અધ્યાપકો દ્વારા તૈયાર કરાયેલ મટીરીયલની ઝેરોક્ષ પુરી પાડવાની ખાતરી આપી હતી. ખૂબજ દયામણી પરિસ્થિતીનો અનુભવ થતાં તેઓને ઠંડીની સીઝનમાં ગરમ કપડાં, બુટ, ચંપલ તેમજ જરૂરી ચીજવસ્તુઓની મદદ પૂરી પાડવા માટે શ્રીમદ્દ રાજચંદ્ર આશ્રમ ધરમપુર સાથે સંકળાયેલા મુંબઈના દાતાઓનો સહયોગ મેળવીને જરૂરી સહાય પૂરી પાડી મદદરૂપ બનવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું. સમયસર પરીક્ષા ફોર્મ ભરવા, શિષ્યવૃત્તીના ફોર્મ ભરવા, તેમજ આજુ-બાજુમાં રહેતા ધો-૧૨ ની પૂરક પરીક્ષામાં તાજેતરમાં પાસ થયેલા વિદ્યાર્થીઓનો તાત્કાલિક સંપર્ક કરી તેમને પ્રવેશ મેળવવા માટે પ્રેરિત કરી અભ્યાસ કરવા માટે ભુતપૂર્વ વિદ્યાર્થીઓને ખાસ આગ્રહ રજુ કરાયો હતો. કોલેજના આચાર્યશ્રીની રૂબરૂ મુલાકાતના પ્રસંગથી ભાવ વિભોર બનેલા વિદ્યાર્થીઓ ગામના પ્રવેશ દ્વાર સુધી પરત ફરતી વેળાએ ગૃપ ફોટો પડાવી પુનઃપધારજોનો વિદ્યાર્થીઓએ આત્મસંતોષ વ્યક્ત કર્યો હતો.





દિવ્ય ભાસ્કર નવસારી 26-11-2020

**છાત્રોના ઓનલાઇન શિક્ષણ માટે ખેરગામ કોલેજના આચાર્યએ ડાંગની મુલાકાત લીધી**


**સમસ્યાની જાણકારી મેળવી હલ કરવાની ખાતરી આપી**

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ

આહવાથી 35 કિ.મી. દૂર ડોન ગામે રહેતા ખેરગામ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ઘરની રૂબરૂ મુલાકાત દરમિયાન ઓનલાઇન શિક્ષણ અને નેટવર્ક અંગેની પડતી મુશ્કેલી અંગેની ચર્ચા થઈ હતી. હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ M.A. નો ઉચ્ચ અભ્યાસ ગુજરાત વિદ્યાપીઠ ખાતે કરે છે. તેઓ પોતાના ઓનલાઇન લેક્ચર માટે સખી મંડળ ગૃપના સૌજન્યથી રૂમની સગવડ પૂરી પાડવામાં આવતા ઓનલાઈન લેક્ચરમાં જોડાય છે, જે માટે તેઓ 30 થી 35 કિમી.નું અંતર કાપીને જિલ્લાનું વડુ મથક આહવા આવે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાની પાસે રીચાર્જ માટે પૂરતા નાણાં ન હોવાને કારણે લેક્ચર જતા કરતા હોવાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. કેટલાક મોબાઈલ ન હોવાની તો કેટલાક ઘરમાં એકજ મોબાઈલની આપવીતિ રજૂ કરી હતી. આ તમામ વિદ્યાર્થીઓને આચાર્ય સંજય પટેલે કોલેજ લાઈબ્રેરીમાંથી પુસ્તક અને સંદર્ભ ગ્રંથો તેમજ અધ્યાપકો દ્વારા તૈયાર કરાયેલ મટિરિયલની ઝેરોક્ષ પુરી પાડવાની ખાતરી આપી હતી. વધુમાં આચાર્ય ડો.સંજય પટેલે જણાવ્યું કે ખૂબજ દયામણી પરિસ્થિતીનો અનુભવ થતાં તેઓને ઠંડીની સિઝનમાં ગરમ કપડાં, બુટ, ચંપલ તેમજ જરૂરી ચીજવસ્તુઓની મદદ પૂરી પાડવા માટે શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ધરમપુર સાથે સંકળાયેલા મુંબઈના દાતાઓનો સહયોગ મેળવીને જરૂરી સહાય પૂરી પાડી મદદરૂપ બનવાનું આયોજન હાથ ધરાશે.

## ૧૧.૭. વી.એસ. પટેલ કોલેજ, બિલિમોરા આયોજિત ઓનલાઈન N.S.S. અભિમુખતા કાર્યક્રમ

તા.૩૧/૧૨/૨૦૨૦ને બુધવારના રોજ વી.એસ.પટેલ કોલેજ બિલિમોરા અંતર્ગત આયોજિત "રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)" અભિમુખતા કાર્યક્રમમાં વક્તા તરીકે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલે માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાન આપ્યુ હતુ.




'રાષ્ટ્રીય સેવા યોજના' વિષય પર વ્યાખ્યાન આપતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ

## ૧૧.૮. ‘વર્લ્ડ વોટર ડે’ નિમિત્તે આયોજિત ચિત્ર સ્પર્ધા

તા.૨૧/૦૧/૨૦૨૧ થી તા.૨૨/૦૧/૨૦૨૧ દરમ્યાન સાંસ્કૃતિક સમિતિ દ્વારા ‘વર્લ્ડ વોટર ડે’ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ. હતુ જેમાં ૨૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.













દિવ્ય ભાસ્કર નવસારી 24-03-2021

**ખેરગામ કોલેજમાં સાંસ્કૃતિક વિભાગ દ્વારા વર્લ્ડ વોટર ડેની ઉજવણી કરાઇ**

ખેરગામ | ખેરગામ કોલેજના સાંસ્કૃતિક વિભાગ દ્વારા આચાર્ય ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપદે ‘વર્લ્ડ વોટર ડે’ નિમિત્તે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા.જીગરકુમાર પરમારના માર્ગદર્શન હેઠળ કોલેજના 84 વિદ્યાર્થીએ જનજાગૃતિ માટે ચિત્રના કાર્યક્રમનું પણ આયોજન કર્યું હતુ. જેમાં ચિત્ર દ્વારા સમગ્ર વિશ્વમાં ભૂમિગત પાણીનો મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે એ સમગ્ર વિશ્વ અને દેશ માટે પણ ચિંતાનો વિષય છે. પાણી વગર આ જીવસૃષ્ટિની કલ્પના કરી શકીએ એમ નથી. લોકો પણ પાણીનો બગાડ નહીં થાય તે માટે વ્યકતિગત રીતે પાણીના મૂલ્યને સમજે, પાણીનો થતો બગાડ અટકાવે, વિદ્યાર્થીઓએ ચિત્ર અને સ્લોગન દ્વારા પાણીના ગંભીર પ્રશ્ન તરફ ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો.

ચિત્ર સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓ

## ૧૧.૯. પોલિસ ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અને શારીરિક તાલીમનું આયોજન

તા.૦૫/૦૩/૨૦૨૧ થી ૦૪/૦૪/૨૦૨૧ સુધી સંકલિત આદિજાતી વિકાસ વિભાગ વાંસદા જી.નવસારીના સૌજન્યથી વનબંધુ કલ્યાણ યોજના, પ્રાયોજના વહિવટદારશ્રી વાંસદા અંતર્ગત નવસારી જિલ્લાના અનુસુચિત જન જાતિ (S.T.) ના યુવક/યુવતીઓ માટે અમલીકરણ પોલિસ અધિક્ષકની કચેરી નવસારી સંચાલિત શ્રી દત્ત ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી આયોજિત જિલ્લા અનુસુચિત જનજાતિ (S.T.) યુવક/યુવતીઓને તા.૦૫/૦૩/૨૦૨૧ થી ૦૪/૦૪/૨૦૨૧ સુધી સ્પર્ધાત્મક પરીક્ષાની લેખિત અને શારીરિક તાલીમ આપવા માટેનું આયોજન કરાયું જે તાલીમ સફળતા પૂર્વક સંપન્ન થઇ. જેનો ૯૭ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો.



રાજ્ય પોલીસ ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમમાં ઉપસ્થિત આચાર્યશ્રી ડૉ.એસ.એમ. પટેલ અને વિદ્યાર્થીઓને પુસ્તક આપતા ખેરગામનાં પી.એસ.આઈ, એસ.એસ.મલ અને ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળના પ્રમુખ શ્રી આશુતોષ શુક્લ, તથા દત્ત ચેરીટેબલ ટ્રસ્ટ, નવસારીના સંચાલક શ્રી બળવંતભાઈ

















દિવ્ય ભાસ્કર નવસારી 06-04-2021

## ખેરગામ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી તાલીમ વર્ગોની પૂર્ણાહુતિ

ખેરગામ | ખેરગામ કોલેજમાં સંકલિત આદિજાતિ વિકાસ વિભાગના સૌજન્યથી વનબંધુ કલ્યાણ યોજના, પ્રાયોજના વહીવટદાર વાંસદા અંતર્ગત નવસારી જિલ્લાના અનુસુચિત જનજાતિ (S.T.)ના યુવક, યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી તાલીમ વર્ગ પોલીસ અધિક્ષકની કચેરી નવસારીના અમલીકરણ હેઠળ શ્રી દત્ત ચેરિટેબલ ટ્રસ્ટ નવસારી દ્વારા ૬મી માર્ચથી ૬ એપ્રિલ સુધી સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી લેખિત અને શારીરિક તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેનર પ્રકાશ પાટીલ (નિવૃત પો.કો.) દ્વારા ફિઝીકલ ટ્રેનિંગનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ખેરગામના પીએસઆઇ એસ.એસ.માલના હસ્તે વિનામૂલ્યે તાલીમાર્થીઓને પરીક્ષા સંબધિત પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલીમ દરમિયાન બપોરના જમવાની વ્યવસ્થા શ્રી દત્ત ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી દ્વારા પૂરી પાડવામાં આવી હતી. 97 ઉપરાંત તાલીમાર્થીએ આ તાલીમ યોજનાનો લાભ લીધો હતો.

રાજ્ય પોલીસ ભરતીમાટેની ફિઝિકલ તાલીમ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ તથા તાલીમ લઇ રહેલા તાલીમાર્થીઓ